મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૭ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરી બસ અને રેલ્વે સેવામાં અવ્યવસ્થાને પગલે મુસાફરોમાં રોષ

સરખેજ રૂટની બસોના રૂટ વધારવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળની માંગ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દિન-પ્રતિદિન વાહન વ્યવહાર માટે સાધનો ઓછા પડે છે અને ગાંધીનગરના નાગિરકો જાણે બીજા ક્રમના નાગરિકો હોય તેવી વ્યવસ્થા તંત્રએ ઉભી કરી રોજબરોજની તેમની જીંદગીમાં મુશ્કેલી ઉભી કરી છે.

શહેરમાં હોળી નિમિત્તે ગાંધીનગરની બસો અન્ય જગ્યાએ વાળી દેવાતા મુસાફરો મુશ્કેલીમાં મુકાતા આવી અવ્યવસ્થા ઉભી કરનાર સામે પગલા લઈ તુરંત જરુરી વ્યવસ્થા ગોઠવવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા માંગણી કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચે જણાવ્યું હતું કે, ગાંધીનગર-અમદાવાદ વચ્ચે વાહન વ્યવહારમાં તાજેતરમાં રેલ્વે વ્યવહાર બંધ કર્યા પછી હાલમાં તંત્ર દ્વારા બસ સેવાઓ અન્ય જગ્યાએ વાળી દઈ અમદાવાદ-ગાંધીનગરની સેવાઓ બંધ કરી મુસાફરોને નિરાધાર પરિસ્થિતિમાં મુકી દીધા છે. સરકારી કાર્યક્રમો, વીવીઆઈપીની મુલાકાતો વખતે પણ ગાંધીનગર-અમદાવાદ બસ સેવા બંધ કરી દેવામાં આવે છે જેથી ગાંધીનગરથી અભ્યાસ અર્થે તથા નોકરી વ્યાપાર માટે જતાં લોકો બસ સેવાથી વંચિત થઈ જાય છે. આ બાબતો સામે અનેક લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ પ્રત્યુત્તર નાગરિકોને મળતો નથી. આવી અવ્યવસ્થા ઉભી કરનારા સામે પગલાં લઈ તુરંત જરુરી વ્યવસ્થા ગોઠવવા મહામંડળ દ્વારા માંગણી કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, મયુર વ્યાસ, એચ.સી. ભટ્ટ તથા અપ-ડાઉન કરતા વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રકારની અવ્યવસ્થા ઉભી ન થાય તે અંગે ડીવીજનલ કંટ્રોલર અમદાવાદ તથા ગાંધીનગર ડેપો મેનેજરને લેખિત સ્વરૂપમાં વિનંતી કરવામાં આવી છે. આ ઉપરાંત, રેલવે બંધ થતાં પાસ હોલ્ડરો માટે રાણીપ સ્ટેન્ડ પરથી સવાર ૮.૩૦ તથા સાંજની બસવ્યવસ્થા ગોઠવવા માટે પણ માંગણી કરવામાં આવી છે. સરખેજ રોડ પર બસોના રૂટમાં વધારો કરવા માટે પણ વસાહત મહામંડળ દ્વારા સૂચવવામાં આવ્યું છે. આ ઉપરાંત એસ.ટી. સ્ટેન્ડ પર પોલિસચોકીને જગા ફાળવી અસામાજિક પ્રવૃત્તિ અટકાવવા તથા એસ.ટી. પરના પાર્કીંગચાર્જ વધારે લેવાતો હોવાની ફરિયાદ દુર કરી મુસાફરોની સુવિધામાં સુધારો કરવા પ્રમુખ દ્વારા સુચવાયું છે.

કપલને લુંટારૂઓથી બચાવવા જતા યુવાન સાથે થયેલી લુંટનો ભેદ ઉકેલાયો

ખોરજ કેનાલ પાસે યુવાનને ઢોર માર મારી એકટીવા અને મોબાઈલ લુંટી લેનાર ત્રિપુટી ઝબ્બે : એકટીવા લુંટીને કેનાલમાં ફેંકી દીધું હતું : આરોપીઓ પહેલા પોલિસ સ્ટેશનમાં જ મજુરી કામ કરતા હતા...!

ગાંધીનગર, તા.૧

બે દિવસ પહેલા અડાલજ-ખોરજ રોડ પર વોટર સાઈડ હોટલ સામેની ઝાડીઓમાં એક લુંટારૂ ગેંગ કપલને લુંટી રહ્યું હતું. તેને બચાવવા ગયેલો ઘાટલોડીયાનો યુવાન આ ગેંગનો ભોગ બન્યો અને કપલ છટકી ગયું હતું. બચાવવા ગયેલા યુવાનને ઢોર માર મારી લુંટારૂઓ એકટીવા અને મોબાઈલ લુંટી ભાગી ગયા હતા. આ લૂંટારૂ ગેંગ અડાલજ પોલિસના સર્કજામાં ગણતરીના કલાકોમાં આવી ગઈ છે. અડાલજ પોલિસ સ્ટેશનમાં જ અગાઉ મજુરી કામ કરતા ત્રણ શખ્સો આ લુંટમાં હોવાનું બહાર આવ્યું છે. એકટીવાને લુંટી લીધા બાદ આ ગેંગે કેનાલમાં ફેંકી દીધું હતું. પોલિસે કેનાલમાંથી એકટીવા કઢાવી એકટીવા તથા લુંટનો મોબાઈલ રીકવર કરી આરોપીઓની ધરપકડ કરીને વધુ પુછપરછ શરુ કરી છે.

અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની સુચનાથી તેમની ટીમે બે દિવસ પહેલા થયેલી લુંટનો ભેદ ઉકેલવા તે દિશામાં બાતમીદારો સક્રીય કર્યા હતા. દરમિયાન પીએસઆઈ એ.જી. એનુરકારની ટીમને બાતમી મળી હતી કે આ લુંટ કરનાર ગેંગ ખોરજ નર્મદા કેનાલ નજીક બાપા સિતારામ મઢુલીવાળા નેળીયામાં બેઠા છે આ બાતમી આધારે ત્રણ શખ્સો ચતુર ઉર્ફે કાળીયો શકરા ઠાકોર, પુનમ ઉર્ફે પુનીયો રામા દંતાણી અને નરેશ ઉર્ફે નરીયો બચુ દંતાણી (તમામ રહે. અડાલજ)ને દબોચી લીધા હતા. તેમની પાસેથી લુંટમા ગયેલો મોબાઈલ મળી આવ્યો હતો. એકટીવા અંગે પુછતાછ કરતા એકટીવા નર્મદા કેનાલમાં ફેંકી દીધું હોવાનું બહાર આવ્યું હતું. પોલિસે કેનાલમાંથી એકટીવા કઢાવીને લુંટમાં ગયેલું એકટીવા તથા મોબાઈલ બંને રીકવર કરી વધુ પુછતાછ હાથ ધરી છે. મળતી વિગત મુજબ પકડાયેલા ત્રણેય શખ્સો અગાઉ અડાલજ પોલિસ સ્ટેશનમાં જ સાફ સફાઈ-બાગ બગીચા માટેનું મજુરી કામ કરતા હતાં.

વિજ્ઞાન દિવસ અંતર્ગત નિસર્ગ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા

સપ્તાહ દરમિયાન પોપ્યુલર લેકચર, અંધશ્રધ્ધા નિવારણ કાર્યક્રમ, ફન વીથ કેમેસ્ટ્રી તથા રોકેટરી મોડેલ વર્કશોપ યોજાયા

ગાંધીનગર, તા.૧

ભારતના મહાન વૈજ્ઞાનિક નોબેલ વિજેતા ડૉ. સી.વી. રામનની જન્મતિથીને રાષ્ટ્રભરમાં વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરે વિજ્ઞાન દિવસને અનુલક્ષીને ગત સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાયા હતા જેની થીમ 'સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર સસ્ટેનેબલ ફયુચર' રાખવામાં આવી હતી.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીનો પ્રારંભ તા. ૨૩મી ફેબ્રુઆરીએ કુડાસણની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલમાં પોપ્યુલર લેકચર દ્વારા કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલે વિદ્યાર્થીઓને વિજ્ઞાનલક્ષી માહિતી પુરી પાડી હતી. તા. ૨૪મી ફેબ્રુઆરીએ સે-૧૬માં મહાત્મા ગાંધી વિદ્યામંદિરમાં 'ટકાઉ ઉર્જાનું સંરક્ષણ' વિષયે માહિતિદર્શક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેનો ૧૧૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. તા. ૨૬મી ફેબ્રુઆરીના રોજ શિહોલી મોટી ગામે ગ્રામસભા યોજી ગ્રામજનોને અંધશ્રધ્ધા નિવારણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ઓસ્ટ્રિયાના ઝુમ સાયન્સ મ્યુઝિયમના ડાયરેકટર એલીઝાબેથ મેન્સેન અને મંથન એજયુકેશન સંસ્થાના ડાયરેકટર અભય કોઠારી તથા ગામના સરપંચ કિરણ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરની વીપીએમપી પોલિટેકનિક ખાતે તા. ૨૭મી ફેબ્રુઆરીએ 'ફન વીથ કેમિસ્ટ્રી' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રસાયણ વિજ્ઞાનના વિવિધ પ્રયોગો બતાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો ૩૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. તા. ૨૮મી ફેબ્રુઆરીએ સેકટર-૭ના સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યા મંદિર ખાત મોડેલ રોકેટરી વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને રિમોટથી રોકેટ લોન્ચિંગ તથા વિવિધ સ્ટેજના રોકેટ મોડેલ બનાવતા શિખવાડાયું હતું. આજ દિવસે સે-૨૪/૨ સરકારી પ્રાથમિક શાળા ખાતે ૫૦ વિદ્યાર્થીઓને નિસર્ગ સાયન્સ સેન્ટરની મુલાકાત કરાવાઈ હતી. આ કાર્યક્રમમાં કો. ઓર્ડિનેટર હાર્દિક મકવાણાએ વિદ્યાર્થીઓને સાયન્સ મ્યુઝિયમ, બાયોટેકનોલોજી મ્યુઝિયમ તથા લાયબ્રેરી બતાવી માહિતી પ્રદાન કરી હતી.

@ગાંધીનગર

● ઈન્ફોસીટી કલબ ખાતે હોળી પર્વની ઉજવણી ડી.જે.ના તાલે સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન કરાશે.

● લોહાણા યુવા સંગઠન દ્વારા રંગોત્સવ કાર્યક્રમ સવારે ૯ થી ૧૦.૩૦ કલાક દરમિયાન જલારામ મંદિર, સે-૨૯ ખાતે યોજાશે.

વાતવાતમાં

● અમદાવાદના સાંસદ ડૉ. કિરીટ સોલંકી દ્વારા સાંસદ આદર્શ ગામ તરીકે પસંદ કરાયેલ ગાંધીનગર તાલુકાના પોર ગામના વિકાસ કામો અંગે ચર્ચા કરવા માટે આજે અમદાવાદ એનેક્ષી સરકીટ હાઉસ ખાતે બેઠક યોજવામાં આવી હતી.

● ૮મી માર્ચના રોજ વિશ્વ મહિલા દિનની ઉજવણીના આયોજન અને તૈયારીઓની સમીક્ષાને લઈ રાજયના મુખ્ય સચિવ જે.એન. સિંહે એક વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ આજે ગણત્રીની મિનિટોમાં સંપન્ન થઈ જવા પામી હતી.

● માર્ચના બીજા સપ્તાહથી શૈક્ષણિક સંસ્થાઓમાં વાર્ષિક પરીક્ષાઓનો માહોલ આરંભાઈ રહ્યો હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

● શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ૮મી માર્ચ સુધી લંબાવવાનો નિર્ણય આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવ્યો છે.

વાઈબ્રન્ટ સ્કૂલના વાર્ષિકોત્સવમાં ભૂલકાઓની ચાર ચાર બંગડી ખનકી

ગાંધીનગર સે-૨૬ ખાતે આવેલી વાઈબ્રન્ટ ડિજિટલ પ્રિ સ્કૂલનો વાર્ષિકોત્સવ આંબેડકર હોલ ખાતે ઉજવાઈ ગયો.

કાર્યક્રમનું દિપ પ્રાગટય મેજર હિમાંશુ બહેલ, ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદી, સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, બિલ્ડર જગત કારાણી

અને જયંતિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્કૂલના સંચાલિતા હેતલ મહેતા દ્વારા સમગ્ર વર્ષની કામગીરી અને વિદ્યાર્થીઓની વિવિધ સ્પર્ધાના ઈનામો આવેલા મહેમાનોના હસ્તે અપાવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જયોત-વૈશ્નવી અને રીટા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અમે ગુજરાતી લહેરી લાલા, ચાર ચાર બંગડીવાળી ઓડી લઈ દઉં, બ્રાઉન ગર્લ, બમ બમ ભોલે, મેરા નામ ચિન ચિન ચુ જેવ ગીતો પર ભૂલકાઓ એમની મસ્તીથી નાચ્યા હતા. સ્વચ્છ ભારત અભિયાન થીમ પર ઉજવાયેલા આ વાર્ષિકોત્સવમાં શાળાના સ્ટાફ અને વાલીઓ સાથે અનેક ગણમાન્ય લોકોએ હાજર રહી વાર્ષિકોત્સવને માણ્યો હતો.

જીટીયુ નો ઝોન ૧-૨નો ઝોનલ લેવલનો ટેકફેસ્ટ 'કવેન્ચ ૨૦૧૮' સરકારી ઈજનેરી કોલેજ ખાતે યોજાયો

ગાંધીનગર, તા.૧

વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે વિવિધ સ્પર્ધાઓમાં પણ ભાગ લે તે મહત્વનું છે. જેથી એમના દ્વારા ઈનોવેશન લાવીને સમજાતી સમસ્યા હલ થાય એવા નવતર પ્રોજેક્ટો લાવે અને તેમના વિચાર ને વળગી રહે તેમજ તેના પર કામ કરતા રહે તે હેતુ થી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી દ્વારા ટેકફેસ્ટનું આયોજન કરવામાં આવે છે. જેમાં આ વર્ષે જીટીયુ ઝોન ૧-૨ (અમદાવાદ, ગાંધીનગર) નો ઝોનલ લેવલ નો ટેકફેસ્ટ સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮ ગાંધીનગર ખાતે તારીખ ૨૭, ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાયો હતો. આ ટેકફેસ્ટના ઉદઘાટન પ્રસંગે જીટીયુના વી.સી ડો. નવીન શેઠ હાજર રહ્યા હતા. આ બે દિવસ દરમિયાન કમ્પુટર, આઈ.ટી, ઈલેક્ટ્રોનીક એન્ડ કમ્યુનિકેશન અને કેમિકલ ડીપાર્ટમેન્ટની ૧૫ જેટલી ટેકનીકલ ઈવેન્ટસ યોજવામાં આવી. તેમજ ટેકનીકલ ઈવેન્ટસની સાથે સાથે ફન માટે નોન ટેકનીકલ ઈવેન્ટસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બધી ઈવેન્ટસમાં ૪૦ થી વધારે કોલેજના અંદાજે ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તારાપુર-સરગાસણ હાઈવે પર મોડી સાંજે બાઈક લઈને જતા યુવાનને બેફામ જતા કારચાલકે અડફેટે લઈ મોતને ઘાટ ઉતાર્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક એસ.જી.હાઈવે ઉપર તારાપુરથી સરગાસણ ચાર રસ્તા વચ્ચે ગઈકાલે મોડી સાંજે હિટ એન્ડ રનની ઘટના બનવા પામી હતી. તારાપુરથી સરગાસણ તરફ બાઈક લઈને જઈ રહેલા બોરીજ ગામના એક યુવાનને ધસમસતી આવતી કારે ટકકર મારતા યુવાનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અકસ્માત કરીને કાર સાથે આરોપી ચાલક ફરાર થઈ ગયો હતો. સેકટર-૭ પોલિસે અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવાનના પરિવારજનોને બોલાવી મૃતદેહ પી.એમ. કરાવી ફરાર થઈ ગયેલા અજાણ્યા કાર ચાલક સુધી પહોંચવા પોલિસે તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરને અડીને આવેલા બોરીજ ગામના જૈન દેરાસર નજીક રહેતા ઘનશ્યામગીરી જગદીશગીરી ગોસ્વામી ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. ઘનશ્યામગીરી ગઈ કાલે મોડી સાંજે નવેક વાગ્યે પોતાનું જીજે ૧૮ સી.આર. ૬૪૭૬ નંબરનું બાઈક લઈને તારાપુરથી સરગાસણ તરફ આવી રહ્યો હતો ત્યારે બેફામ ગતિએ આવી રહેલી અજાણીકારે ઘનશ્યામગીરીના બાઈકને જબરદસ્ત ટકકર મારી પળવારમાં જ ત્યાંથી કાર સાથે આરોપી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. બાઈક સાથે ઘનશ્યામગીરી ફંગોળાઈને રોડ પર પટકાતા તેનું ઘટનાસ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઘનશ્યામગીરીના ધોળાકુવા ગામે રહેતા મિત્ર ભરત મકવાણાને આ બનાવની જાણ થતા સ્થળ પર દોડી આવ્યો હતો અને પોલિસને ઘટના અંગે જાણ કરી હતી. પોલિસે અજાણ્યા કારચાલક સામે ગુનો દાખલ કરી તેને કારના નંબર આધારે પકડવા સીસીટીવી ફુટેજ મેળવવા તજવીજ શરુ કરી છે તો બીજી તરફ મૃતદેહ પી.એમ. કરાવી ઘટના અંગે ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

કામધેનુ યુનિવર્સિટી દ્વારા સાઈ સે-૧૫ ખાતે 'સ્પંદન-૨૦૧૮'નું આયોજન

ગાંધીનગર, તા.૧

કામધેનુ યુનિવર્સિટી દ્વારા સેકટર-૧૫માં આવેલા સાઈ ખાતે આંતરકોલેજ રમતોત્સવ 'સ્પંદન-૨૦૧૮'નું ઉજ્જી માર્ચના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ઉદઘાટન કરવામાં આવશે તથા ૪થી માર્ચે સાંજે ૭.૦૦ કલાકે પૂર્ણાહુતિ કરવામાં આવશે. રમતોત્સવમાં વિવિધ કોલેજો તથા પોલિટેકનીકોના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન ત્રણ અનુસ્નાતક કેન્દ્રો, બે સ્નાતક કોલેજો અને આઠ પોલિટેકનીકના વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રૂચિ વધે તે માટે યુનિવર્સિટી દ્વારા દર વર્ષે આંતરકોલેજ રમતોત્સવ સ્પંદનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે 'સ્પંદન ૨૦૧૮'નું આયોજન સે-૧૫માં આવેલા ભારતીય ખેલ પ્રાધિકરણ (સાઈ) ખાતે કરવામાં આવ્યું છે. આ રમતોત્સવમાં વિવિધ કોલેજોના આશરે ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં ભાગ લેશે.

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલનાં પ્રિ-પ્રાયમરી વિભાગના વાર્ષિકોત્સવની ઉજવણી

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલનાં પ્રિ-પ્રાયમરી વિભાગનો વાર્ષિકોત્સવ તા.૨૭, ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ યોજાઈ ગયો. તા.૨૭ ફેબ્રુઆરીએ એલ.કે.જી અને તા. ૨૮ ફેબ્રુઆરીનાં રોજ યુ.કે.જી નાં વિદ્યાર્થીઓનો વાર્ષિકોત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન એમ.બી. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં પ્રિન્સિપાલ શ્રી. અર્પિત ક્રિશ્ચન અને એક્સ્ટ્રામાર્ક્સ એજયુકેશન ઈન્ડિયા પ્રા.લી.ના રિજિનલ હેડ શ્રી. શૈશવ કાયસ્થ અનુક્રમે ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં એલ.કે.જી.ની થીમ "ફેન્ટસી લેન્ડ" તથા યુ.કે.જી.ની થીમ "ફ્રેન્ડ્સ અરાઉન્ડ ધ વર્લ્ડ" હતી. નાનાં ભૂલકાઓએ વિવિધ નૃત્યો, નાટક, અભિનયગીત કરીને બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શાળાના મેનેજર સિસ્ટર વેરોનિકા તથા આચાર્યા સિસ્ટર રેણુકાનાં માર્ગદર્શન હેઠળ શિક્ષકોની મહેનતથી સમગ્ર કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

ચિરવિદાય

- સ્વ. બિહોલા સંજયસિંહ ભરતસિંહ, ઉ.વ. ૨૫
- સ્વ. ભકિતજી માધાજી ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. મિસ્ત્રી અંબાલાલ કેશવલાલ, ઉ.વ. ૭૦
- સ્વ. પટેલ ઈન્દુભાઈ રતિભાઈ, ઉ.વ. ૬૯